–: પ્રેસનોટ :–

અમદાવાદ શહેરમાં અમદાવાદ મ્યુનિસિપલ કોરિશન દ્વારા ડફનાળાથી એરપોર્ટ જતા વી.આઈ.પી. રોડને ક્રોસ કરી કેન્ટોનમેન્ટ બોર્ડની બન્ને તરફની પ્રીમાઈસીસમાં જઈ શકાય અને સદર જગ્યાએ આવેલ આર્મી કેન્ટોનમેન્ટનું પેડેસ્ટ્રીયન સિગ્નલ હોય અવાર–નવાર અકસ્માત થતા હોય સદર સિગ્નલ કાયમી બંધ કરી શકાય તે માટે આયોજન કરવા ટ્રાફિક વિભાગના સુચન મુજબ તેમજ આર્મી કેન્ટોનમેન્ટની રજુઆત મુજબ અ.મ્યુ.કો. દ્વારા 'TOBURK RISALA' ના ગેટ પાસે કેન્ટોનમેન્ટ બોર્ડની અંદરની બન્ને તરફની પ્રીમાઈસીસમાં લાઈટ મોટર વ્હીકલ (LMV) બ્રિજ બનાવવાની કામગીરી કરવામાં આવેલ છે.

સદર બ્રિજની કામગીરી અંતર્ગત ડફનાળાથી એરપોર્ટ જતા વી.આઈ.પી. રોડ પર 'TOBURK RISALA' ના ગેટ સામે મેઈનરોડના સેન્ટરના ડિવાઈડરના ભાગે પિયર પર ૧૬.૮૭૦ મીટરના ૪–નંગ કમ્પોઝીટ સ્ટીલ ગર્ડર લોન્ચિંગની કામગીરી કરવાની થાય છે. જે ગર્ડર લોન્ચિંગની કામગીરી રાત્રીના કલાક ૦૦.૦૦ થી સવારના ૦૫.૦૦ સુધી સુચિત જગ્યાએ સદર મેઈન રોડ ઉપર વાહન વ્યવહારને અસર ન થાય અને વાહન વ્યવહાર સુચારુરૂપે ચાલુ રહે તે રીતે વારાફરથી એક સાઈડનો રસ્તો ગર્ડર લોન્ચિંગના સમય દરમિયાન બંધ કરીને કામગીરી કરવામાં આવનાર છે.

: ગર્ડર લોન્ચિગની કામગીરી દરમિયાન વાહનોની અવર–જવર માટે પ્રતિબંધિત માર્ગ :

- શાહીબાગ ડફનાળાથી એરપોર્ટ સર્કલ તરફ જતા રોડ ઉપર ગર્ડર લોન્ચિગની કામગીરી દરમિયાન એરપોર્ટ સર્કલથી ડફનાળા તરફ જતા એક સાઈડના રોડ ઉપરથી બન્ને તરફનો ટ્રાફિક અવર–જવર કરી શકશે.
- એરપોર્ટ સર્કલથી ડફનાળા તરફ જતા રોડ ઉપર ગર્ડર લોન્ચિગની કામગીરી દરમિયાન શાહીબાગ ડફનાળાથી એરપોર્ટ સર્કલ તરફ જતા એક સાઈડના રોડ ઉપરથી બન્ને તરફનો ટ્રાફિક અવર–જવર કરી શકશે.

: કામગીરીની તારીખ અને સમય :

આ કામગીરી **<u>તા.૯/૬/૨૦૨૬ ના રાત્રી કલાક ૦૦.૦૦ થી ૦૫.૦૦ સુધી</u>** અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવનાર છે.

જે અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે.

તા.૬/૬/૨૦૨૬
'પોલીસ કમિશનરશ્રી નાઓના હુકમથી'

(અશ્વિન ચૌહાણ)
સંયુક્ત પોલીસ કમિશનર
ટ્રાફિક, અમદાવાદ શહેર

Scanned with OKEN Scanner